# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


===================================================================

અખબારી યાદી તા. ૦૯/૦૮/૨૦૨૨

- અંગ્રેજો સામે તે વખતે પણ કોંગ્રેસ પક્ષ લડતો હતો અને અંગ્રેજોનો સાથ આપનારાઓ સામે પણ આજે કોંગ્રેસ પક્ષ મજબુતાઈથી લડી રહ્યો છે : શ્રી જગદીશ ઠાકોર
- "ભારત જોડો તિરંગા યાત્રા" સાથે પ્રેમ, સદભાવના, સર્વધર્મ સમભાવના સદેશ સાથે કોંગ્રેસ પક્ષ મહાત્મા ગાંધીના સ્વપ્નનું ભારતના નિર્માણ કરશે.

પૂર્ણ સ્વરાજ મેળવવા પૂજ્ય મહાત્મા ગાંધીજીના "અંગ્રેજો ભારત છોડો" આહવાન બાદ સમગ્ર ભારતમાં ઓગસ્ટ ક્રાંતિ થઈ હતી. "કોંગ્રેસ ત્યારે પણ અંગ્રેજોની તાનાશાહી સામે લડતી હતી" આજ રોજ રાજ્યના૩૩ જીલ્લા ૮ મહાનગરોમાં "ભારત જોડો તિરંગા યાત્રા"ના ભાગ રૂપે શહીદ વીર કિનારીવાલા સ્મારકે પુષ્પાંજલિ કર્યા બાદ મોટી સંખ્યામાં બાઈક સાથે મહાત્મા ગાંધીના ઐતિહાસિક સાબરમતી આશ્રમ ખાતે રેલી પહોચી હતી. ત્યારે અંગ્રેજોને ભુલાવે તેવા હાલના શાસકો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે ૮ ઓગસ્ટ ૧૯૪૨ એ ઐતિહાસિક દિવસ છે જયારે અગ્રેજોના જોર-જુલમને નાબુદ કરવા ભારતીયોના સ્વરાજના હક્ક અને અધિકાર માટે પૂજ્ય મહાત્મા ગાંધીજીએ "અંગેજો ભારત છોડો"ના નારા સાથે અહિંસક ક્રાંતિની શરૂઆત કરી હતી. અંગ્રેજો સામે તે વખતે પણ કોંગ્રેસ પક્ષ લડતો હતો અને અંગ્રેજોનો સાથ આપનારાઓ સામે પણ આજે કોંગ્રેસ પક્ષ મજબુતાઈથી લડી રહ્યો છે. સાંપ્રત સમયમાં ભાજપ સરકારની નીતિઓને પગલે દેશમાં સાંપ્રદાયિકતાનું, ધ્રુવીકરણનું વાતાવરણ છે ત્યારે ગુજરાત કોંગ્રેસ દ્વારા "ભારત જોડો તિરંગા યાત્રા" સાથે પ્રેમ, સદભાવના, સર્વધર્મ સમભાવના સદેશ સાથે આઝાદીના ચળવળમાં શહીદ થનાર સપૂતોને યાદ -વંદન કરી મહાત્મા ગાંધીના સ્વપ્નનું ભારતના નિર્માણની નેમ લીધી હતી. મંદી મોઘવારી, બેરોજગારી, કથળતી શિક્ષણ અને કાયદો વ્યવસ્થા સહીતના મુદ્દે ફરી એક વાર લડતની જરૂર છે અને કોંગ્રેસ આ માટે મેદાનમાં આગળ વધી રહી છે. યુવાનો, મહિલાઓ, શ્રમિકો, વંચિતો-પીડિતો, સામાન્ય-મધ્યમ વર્ગના હક્ક અને અધિકાર માટે કોંગ્રેસ પક્ષ સદાય લડત આપી છે અને આપતું રહેશે. વીર કિનારીવાલાના સ્મારક ખાતેથી સાંપ્રદાયિકતા અને ધ્રુવીકરણના વધતા જતા માહોલને રોકવા યોજયેલ "ભારત જોડો તિરંગા યાત્રા" ગુજરાતના સપુત વીર કિનારીવાલાના સ્મારકે પુષ્પાંજલિ કરી વિશાળ બાઈક રેલી સ્વરૂપે પૂજ્ય બાપુના સાબરમતી આશ્રમ પોહચી હતી. જ્યાં કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો, પદાધીકારોએ પૂજ્ય બાપુની પ્રતિમાએ પુષ્પાંજલિ કરી હતી.

એઆઈસીસીનાં મંત્રી અને સૌરાષ્ટ્રનાં પ્રભારીશ્રી રામકીશન ઓઝાની ઉપસ્થિતમાં રાજકોટ ખાતે વિશાળ "ભારત જોડો તિરંગા યાત્રા" યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં રાજકોટનાં અગ્રણીઓ, મહિલાઓ, સ્થાનિક આગેવાનો જોડાઇ "ભારત માતા કી જય, વંદે માતરમ"નાં નાં બુલંદ નારા સાથે અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરોની નીતિ પર કામ કરતી ભાજપ સરકાર સામે હક્ક અને અધિકાર મેળવવા માટે બીજી એક આઝાદીની લડાઈ માટે આહ્વાન કર્યું હતું. સૌરાષ્ટ્રનાં પ્રભારીશ્રી રામકીશન

ઓઝાએ જણાવ્યું હતું કે પૂજ્ય મહાત્મા ગાંધીજીનાં હત્યારા ગોડશેનાં પૂજારી આજે રાષ્ટ્રવાદનાં ખોટા સર્ટિફિકેટ આપી રહ્યા છે. રાષ્ટ્રવાદ કોંગ્રેસ અને દેશના તમામ નાગરિકોની નસ નસમાં વહે છે. દેશની આઝાદી માટે કોંગ્રેસ પક્ષનાં નેતૃત્વએ બલિદાન આપ્યા છે અને આઝાદી બાદ પણ ગાંધીજીનાં સ્વપ્નનાં ભારતનાં નિર્માણ માટે આદરણીય રાજીવ ગાંધીજી, આદરણીય ઈન્દિરા ગાંધીજીએ શહાદત વહોરી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજ્યવ્યાપી આયોજિત "ભારત જોડો તિરંગા યાત્રા" ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી સિદ્ધાર્થ પટેલ, ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ,શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેશભાઈ પરમાર, સેવાદળના રાષ્ટ્રીય પ્રમુખશ્રી લાલજી દેસાઈ, કોંગ્રસપક્ષના રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી રોહન ગુપ્તા, ગુજરાત કોંગ્રેસના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, અમદાવાદ શહેર કોગ્રેસના પ્રમુખશ્રી નીરવ બક્ષી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિપક્ષનેતા શ્રી શહેઝાદખાન પઠાન, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, યુથ કોંગ્રસના પ્રમુખશ્રી વિશ્વનાથસિંહ વાઘેલા, એન.એસ.યુ.આઈના પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકી સહીત મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ, કોંગ્રેસ પક્ષના પદાધીકારોશ્રીઓ, કાર્યકરો અને સ્થાનિક લોકો જોડાયા હતા સમગ્ર ભારત જોડો તિરંગા યાત્રા દરમ્યાન ઠેર ઠેર ભારત માતા કી જય અને વંદે માતરમના નારા લગાવ્યા હતા. જેમાં સ્થાનિકો પણ જોડાયા હતા.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા
મો. ૯૪૨૬૦૦૧૫૯૯